# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ | :- suratdeo@gmail.com

Fax No :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ | web :- www.suratdeo.org


જા.નં./નોશનલ ઈજાફા/૨૦૨૪/૭૦૩૬

તા.૫-૦૩-૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત. જિ.સુરત.

**વિષય** :- ૩૦ જૂનના રોજ વયનિવૃત્તિના કિસ્સામાં એક નોશનલ ઈજાફો આપવા બાબત.

**સંદર્ભ** :- (૧) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ તા.૧૮-૧૧-૨૦૨૩

(૨) નાણાં વિભાગના પત્ર ક્રમાંક : ઈજફ/૧૦૨૦૨૩/૪૧/ચ તા.૧૪-૧૨-૨૦૨૩

(૩) નાણાં વિભાગના પત્ર ક્રમાંક : ઈજફ/૧૦૨૦૨૩/૪૧/ચ તા.૧૨-૦૨-૨૦૨૪

(૪) નિયામકશ્રી, શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક : COS/INC/e-file/276/2023/2194/SECONDARY તા.૨૮-૦૩-૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-૧ મુજબ પગાર સુધારણા નિયમ-૨૦૦૯ અમલમાં આવ્યાની તારીખથી ૦૧-૦૧-૨૦૦૬ બાદ જે કર્મચારીઓ ૩૦ જૂનના રોજ એક વર્ષની નોકરી પૂર્ણ કરી વય નિવૃત્ત થયેલ કે થનાર છે તેવા કર્મચારીઓના કિસ્સામાં ઠરાવમાં નિર્દેશિત શરતો મૂજબ એક નોશનલ ઈજાફો આકારવાનું ઠરાવેલ છે. સંદર્ભ-૨ મુજબ સદર ઠરાવનો અમલ આગામી સૂચના સુધી સ્થગિત રાખવા (ABEYANCE) નિર્ણય કરેલ. સંદર્ભ-૩ મુજબ સંદર્ભ-૨ની સૂચના રદ કરી સદર ઠરાવનો પુન:અમલ કરવા જણાવેલ.

સંદર્ભદર્શિત ઠરાવ-૧ની જોગવાઈ-૦૪ મુજબ સદર બાબતે આપની કક્ષાએથી ખરેખર ઈજાફો મળવાપાત્ર છે કે કેમ? તે અંગેની સેવાકીય બાબતોની ચકાસણી કરવાની રહેશે તથા પેન્શન દરખાસ્ત બે નકલમાં તૈયાર કરી સેવાપોથીમાં જરૂરી નોંધ કરી આપની કક્ષાએ તૈયાર કરવાની રહેશે અત્રેની કચેરી દ્વારા જરૂરી સૂચના મળ્યેથી દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

**નોંધ** :- સદર દરખાસ્ત સાથે અસલ સેવાપોથી, પી.પી.ઓ.ની નકલ, એલ.પી.સી.ની નકલ સામેલ રાખવી.

**બિડાણ** :- સંદર્ભદર્શિત પત્ર, ઠરાવ તથા પત્રક

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત

er No: COS/0391/03/2024 Dt: 28-03-2024

<u>પારિપત્ર</u>

File No. COS/INC/e-file/276/2023/2194/SECONDARY

નિયામક શાળાઓની કચેરી,

વિદ્યા સમિક્ષા કેન્દ્ર,સેક્ટર-૧૯,

ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૦.

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા : તમામ, ગુજરાત રાજ્ય.

**વિષય : ૩૦ જુને નિવૃત્ત થતા કર્મચારીઓના કિસ્સામાં એક કાલ્પનિક ઇજાફો આપવા બાબતે નિયમાનુસાર ની કાર્યવાહી કરવા બાબત.**

**સંદર્ભ:-૦૧)નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:-ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ,તા:-૧૮.૧૧.૨૦૨૩.**

**૦૨)નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:-ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ,તા:-૦૬.૧૨.૨૦૨૩.**

**૦૩)નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:-ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ,તા:-૧૪.૧૨.૨૦૨૩.**

**૦૪)નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:-ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ,તા:-૧૨.૦૨.૨૦૨૪.**

**શ્રીમાન/શ્રીમતિ,**

ઉપરોક્ત વિષય પરત્વે નાણા વિભાગના સંદર્ભ દર્શિત પત્રથી જણાવવાનું કે નાણા વિભાગના તા:-૧૮/૧૧/૨૦૨૩ ના ઠરાવથી ૩૦ જુન ના રોજ નિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં એક કાલ્પનિક ઇજાફો આપવાની નીતિ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.આ ઠરાવ નાણા વિભાગના તા:-૧૪/૧૨/૨૦૨૩ નાં પત્રથી આગામી સૂચના ન મળે ત્યાં સુંધી સ્થગિત રાખવા (ABEYANCE) નો નિર્ણય કરવામાં આવેલ.નાણા વિભાગના તા:-૧૪/૧૨/૨૦૨૩ નાં પત્રથી તા:-૧૮/૧૧/૨૦૨૩ના ઠરાવને (ABEYANCE) માં મુકવાના નિર્ણયને રદ કરી તા:-૧૮/૧૧/૨૦૨૩ નો ઠરાવ પુનઃ અમલ માં મુકવામાં આવેલ છે.ઉક્ત સંદર્ભ અનુસાર તા:-૧૪/૧૨/૨૦૨૩ના પત્ર તેમજ તા:-૩૦/૦૮/૨૦૨૩ નાં પત્ર થી પ્રસિદ્ધ કરવામાં આવેલ અન્ય સૂચનાઓ યથાવત રહેશે.આમ,ઉક્ત સંદર્ભના અનુસંધાને નિયમોનુસારની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવા આથી આપશ્રીઓને સૂચના આપવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક)

કમિશ્નર શાળાઓની કચેરી,

ગુ.રા.ગાંધીનગર

બીડાણ:-ઉપર મુજબ.

Signature valid
Signed by:Navnitchandra M. Maheta
Deputy Director
Date: 2024.03.28 17:08:47 +05:30

ક્રમાંક–ઇજફ/૧૦૨૦૨૩/૪૧/ચ
નાણા વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર.
તા:– ૧૨/૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી,
તમામ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય:– નાણા વિભાગનો તારીખ ૧૮/૧૧/૨૦૨૩નો ઠરાવ અમલમાં મૂકવા બાબત.

સંદર્ભ : નાણા વિભાગનો તારીખ ૧૪/૧૨/૨૦૨૩નો સરખા ક્રમાંકનો પત્ર.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, નાણા વિભાગના તારીખ ૧૮/૧૧/૨૦૨૩ના ઠરાવથી તારીખ 30 જૂનના રોજ નિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં એક કાલ્પનિક ઇજાફો આપવાની નીતિ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. આ ઠરાવ નાણા વિભાગના સંદર્ભ દર્શિત તારીખ ૧૪/૧૨/૨૦૨૩ના પત્રથી (ABEYANCE) માં મૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ.

પુખ્ત વિચારણાને અંતે નાણા વિભાગના તારીખ ૧૪/૧૨/૨૦૨૩ના પત્રથી તારીખ ૧૮/૧૧/૨૦૨૩ના ઠરાવને (ABEYANCE) માં મૂકવવાના નિર્ણયને રદ કરી, તારીખ ૧૮/૧૧/૨૦૨૩નો ઠરાવ પુનઃ અમલમાં મૂકવવામાં આવે છે.

તારીખ ૧૪/૧૨/૨૦૨૩ના પત્ર તેમજ તારીખ ૦૩/૦૮/૨૦૨૩ના પત્રથી પ્રસિદ્ધ કરવામાં આવેલ અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

આપનો વિશ્વાસુ,

(દિલીપ નાઈ)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

**નકલ રવાના :**

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો

(ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)

- નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ

(પત્ર દ્વારા રવાના)

30 જૂનના રોજ વયનિવૃત થતાં કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારવા બાબત

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
**ઠરાવ ક્રમાંક : ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ**
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૮/૧૧/૨૦૨૩

**<u>વંચાણે લીધા:</u>**

૧. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨

૨. નાણા વિભાગના તા:૨૭/૦૨/૨૦૦૯ના જાહેરનામા ક્રમાંક:પગર/૧૦૦૯/૨/પગાર એકમ(M)

**<u>આમુખ:</u>**

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) હેઠળના ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨થી રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં પગાર સંબંધી જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ નિયમો પૈકી નિયમ નં.૩૯ (૧) માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે :

"નિયમ-૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૯, ૨૩, ૩૦ અને ૪૪ ના નિયમોની જોગવાઇઓને આધિન રહીને પગાર ધોરણની જગા ઉપર બજાવેલ બધી જ ફરજ તે પગાર ધોરણના ઇજાફાઓ માટે ગણવી જોઇશે. આગામી ઇજાફાની તારીખે પહોંચવાના હેતુ માટે ઇજાફાને પાત્ર ન હોય તેવા પગાર ધોરણની બધી જ સેવાનો સમયગાળો સામાન્ય ઇજાફાની તારીખમાં ઉમેરવો.

પરંતુ ઇજાફો જે મહિનામાં ઉપાર્જિત થાય તે મહિનાની પહેલી તારીખથી મળવાપાત્ર થશે."

**૨.** કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છઠ્ઠા પગારપંચની ભલામણો નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) ના જાહેરનામાથી રાજ્ય સરકારના તેમજ પંચાયતના કર્મચારીઓના કિસ્સામાં લાગુ પાડવામાં આવેલ હતી. આ ભલામણો મુજબ જે-તે કર્મચારીના કિસ્સામાં વાર્ષિક ઇજાફાની તારીખ ૦૧ જુલાઇ નિયત કરવામાં આવેલ હતી.

3. નામ.સુપ્રિમકોર્ટ દ્વારા તા.૧૧/૦૪/૨૦૨૩ના ચુકાદાથી 30 જૂનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીને ઈજાફો આપવાનો આદેશ કરેલ છે.

કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ જુદી-જુદી પીટીશનો પરત્વે નામ.હાઇકોર્ટના તા:૦૨/૦૮/૨૦૨૩ ના ચુકાદાથી સરકારને તા:૧૮/૦૯/૨૦૨૩ સુધીમાં નિર્ણય લેવા જણાવેલ છે. જેથી નામ.હાઈકોર્ટ તથા નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓ ધ્યાને લઇ, વર્ષ ૨૦૦૬ બાદ તારીખ ૩૦ જૂનના રોજ વયનિવૃત થયેલ/થનાર કર્મચારીઓના કિસ્સામાં, વયનિવૃત્તિ સમયે એક નોશનલ ઈજાફાનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૫૦૧૩ પોલીસી શાખા

- કેસની ગંભીરતા તેમજ આવનાર નાણાકીય ભારણને ધ્યાને લઇ, સમાન પ્રકારના કેસોમાં સબળ બચાવની કાર્યવાહી હાથ ધરી, મનાઇ હૂકમ મેળવી શકાય તે હેતુથી એડીશનલ એડવોકેટ જનરલશ્રી (AAG) ની નિમણૂંક થાય તે બાબત સુનિશ્ચિત કરવા વિનંતી છે.
- ઉક્ત અપીલ દાખલ કરવાની તમામ કાર્યવાહી તારીખ ૨૨/૧૨/૨૦૨૩ પહેલા પૂર્ણ થાય તે બાબત સુનિશ્ચિત કરવા તથા તમામ કેસોમાં વિભાગ કક્ષાથી સંબંધિત નાયબ સચિવ અને કાયદા અધિકારી દ્વારા યોગ્ય સુપરવિઝન થાય તેની સુચના આપવા વિનંતી છે.

**આપનો વિશ્વાસુ,**

(આઈ.ડી.ચૌધરી)
નાયબ સચિવ
નાણા વિભાગ

**નકલ રવાના:**

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર*
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર*
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર*
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ*
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો

(ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)

- નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ

(* પત્ર દ્વારા રવાના)

30 જૂનના રોજ વયનિવૃત થતાં કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારવા બાબત

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
**ઠરાવ ક્રમાંક : ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ**
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૮/૧૧/૨૦૨૩

**વંચાણે લીધા:**

૧. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨

૨. નાણા વિભાગના તા:૨૭/૦૨/૨૦૦૯ના જાહેરનામા ક્રમાંક:પગર/૧૦૦૯/૨/પગાર એકમ(M)

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) હેઠળના ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨થી રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં પગાર સંબંધી જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ નિયમો પૈકી નિયમ નં.૩૯ (૧) માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે :

"નિયમ-૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૯, ૨૩, 30 અને ૪૪ ના નિયમોની જોગવાઇઓને આધિન રહીને પગાર ધોરણની જગા ઉપર બજાવેલ બધી જ ફરજ તે પગાર ધોરણના ઇજાફાઓ માટે ગણવી જોઇશે. આગામી ઇજાફાની તારીખે પહોંચવાના હેતુ માટે ઇજાફાને પાત્ર ન હોય તેવા પગાર ધોરણની બધી જ સેવાનો સમયગાળો સામાન્ય ઇજાફાની તારીખમાં ઉમેરવો.

પરંતુ ઇજાફો જે મહિનામાં ઉપાર્જિત થાય તે મહિનાની પહેલી તારીખથી મળવાપાત્ર થશે."

૨. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છઠ્ઠા પગારપંચની ભલામણો નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) ના જાહેરનામાથી રાજ્ય સરકારના તેમજ પંચાયતના કર્મચારીઓના કિસ્સામાં લાગુ પાડવામાં આવેલ હતી. આ ભલામણો મુજબ જે-તે કર્મચારીના કિસ્સામાં વાર્ષિક ઇજાફાની તારીખ ૦૧ જુલાઇ નિયત કરવામાં આવેલ હતી.

3. નામ.સુપ્રિમકોર્ટ દ્વારા તા.૧૧/૦૪/૨૦૨૩ના ચુકાદાથી 30 જૂનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીને ઈજાફો આપવાનો આદેશ કરેલ છે.

કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ જુદી-જુદી પીટીશનો પરત્વે નામ.હાઈકોર્ટના તા:૦૨/૦૮/૨૦૨૩ ના ચુકાદાથી સરકારને તા:૧૮/૦૯/૨૦૨૩ સુધીમાં નિર્ણય લેવા જણાવેલ છે. જેથી નામ.હાઈકોર્ટ તથા નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓ ધ્યાને લઇ, વર્ષ ૨૦૦૬ બાદ તારીખ 30 જૂનના રોજ વયનિવૃત થયેલ/થનાર કર્મચારીઓના કિસ્સામાં, વયનિવૃતિ સમયે એક નોશનલ ઈજાફાનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:** પગાર સુધારણા નિયમો, ૨૦૦૯ અમલમાં આવ્યા ની તારીખ

પુખ્ત વિચારણાને અંતે પગાર સુધારણા નિયમો, રાજ્ય સરકાર અને પંચાયત સેવાના જે કર્મચારીઓ તા.30 જૂન ના રોજ

૦૧/૦૧/૨૦૦૬ બાદ રાજ્ય સરકાર અને પંચાયત સેવાના જે કર્મચારીઓ તા.30 જૂન ના રોજ

એક વર્ષની નોકરી પુર્ણ કરી વયનિવૃત થયેલ/થનાર છે, તેવા કર્મચારીઓના કિસ્સામાં નીચેની

શરતોને આધીન એક નોશનલ ઈજાફો આકારવાનું ઠરાવવામાં આવે છે.

(૧) તા.30 જૂનના રોજ વયનિવૃત થયેલ/થનાર કર્મચારીઓના કિસ્સામાં એક વર્ષની સેવા પૂર્ણ કરેલી હોવી જોઇએ.

(૨) તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા:૩૧/૧૨/૨૦૨૨ સુધી વયનિવૃત્ત થયેલ કર્મચારીના કિસ્સામાં 30 જૂનના રોજ નોશનલ ઇજાફો આકારી પેન્શન સુધારણા કરવાની રહેશે. તા. ૦૧/૦૧/૨૦૨૩ બાદ વયનિવૃત્ત થયેલ / થનાર કર્મચારીના કિસ્સામાં 30 જૂનના રોજ ઇજાફો આકારી પેન્શન સુધારણા કરવાની રહેશે.

(૩) આ નોશનલ ઇજાફા મુજબ કરેલ પેન્શન સુધારણાનો ખરેખર લાભ તા.૦૧/૦૭/૨૦૨૩ થી મળવાપાત્ર થશે.

(૪) તા.30 જૂનના રોજ વયનિવૃત થયેલ/થનાર કર્મચારીઓના કિસ્સામાં ખરેખર ઈજાફો મળવાપાત્ર થાય છે કે કેમ? તે અંગે ચકાસવાની થતી સેવાકીય વિગતો અંગેની જરૂરી સૂચનાઓ અલાયદી બહાર પાડવામાં આવશે.

(૫) કોઈ કર્મચારી દ્વારા સમાન પ્રકારનો લાભ મેળવવા માટે નામ.હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરવામાં આવેલ હોય અને હાલમાં ન્યાયાધીન હોય એટલે કે ચુકાદા આવેલ ન હોય તેવા કિસ્સામાં પણ આ ઠરાવ મુજબ ઈજાફાનો લાભ આપવાનો રહેશે.

(૬) આ ઠરાવનો અમલ પંચાયત સેવાના કર્મચારીઓ અને અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓ કે જેઓના કિસ્સામાં છઠ્ઠા પગારપંચનો લાભ આપવાની નાણા વિભાગની અનુમતિ આપવામાં આવેલ હોય તેઓના કિસ્સામાં પણ સમાન પ્રકારે કરવાનો રહેશે.

(૭) આ ઠરાવ નામ. સુપ્રીમકોર્ટના ચુકાદા અન્વયે કરેલ હોવાથી ભવિષ્યમાં ચુકાદા બાબતે કોઇ સુધારો થશે તો તેને આધીન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિલીપ નાઈ)
સેકશન અધિકારી
નાણા વિભાગ

**નકલ રવાના:**

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
  (ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- ✓ સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેકટ ફાઈલ

(પત્ર દ્વારા રવાના)

# તા.૧૮-૧૧-૨૦૨૩ના ઠરાવ મુજબ કાલ્પનિક ઈજાફો મંજૂર થતા રીવાઈઝ પેન્શન

શાળાનું નામ :-

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | RETIREMENT DATE | | | | | | |
| 1 | PENSIONEDR' NAME | | | | | | |
| 2 | POST | | | | | | |
| 3 | PPO NO | | | | | | |
| 4 | DATE OF APPOINTMENT | D/M/Y | | | | | |
| 5 | DATE OF BIRTH | D/M/Y | | | | | |
| 6 | RETIREMENT DATE | D/M/Y | | | | | |
| 7 | ચોખ્ખી પેન્શન પાત્ર નોકરી | | | | | | |
| 8 | જો નોશનલ નોકરીનો લાભ સ્વૈ.નિવૃત્તિના કેસમાં મળેલ હોય તો તે સમય ઉંમર | | | | | | |
| 9 | છેલ્લો પગાર અને ગ્રેડ પે - નોશનલ ઈજાફા સાથે | | | | 0 | | 0 |
| 10 | તા.૦૧-૦૧-૨૦૦૬ પહેલાના કિસ્સામાં ૧૦ માસની સરેરાશ | | | | | | |
| | ક્રમ | માસ | પગારનો દર | ૫૦% ડીપી | એન.પી.એ. | કુલ | |
| | 1 | લાગુ પડતુ નથી. | | | | | |
| | 2 | | | | | | |
| | 3 | | | | | | |
| | 4 | | | | | | |
| | 5 | | | | | | |
| | 6 | | | | | | |
| | 7 | | | | | | |
| | 8 | | | | | | |
| | 9 | | | | | | |
| | 10 | | | | | | |
| | કુલ પેન્શનપાત્ર પગાર :- | | | | | | |
| | માસિક સરેરાશ પગાર | કુલ પેન્શનપાત્ર પગાર | /10 | = | પેન્શનપાત્ર પગાર | | |
| 11 | પેન્શન | માસિક સરેરાશ પગાર | કુલ નોકરીના વર્ષ | /66 | પેન્શન | | |
| | | | છેલ્લા પગારના ૫૦% | | | | |
| 12 | ડી.સી.આર.જી. | છેલ્લો પગાર + મોંઘવારી | કુલ રકમ | | | | |
| | [redacted] | | | | | | |
| | કુલ રકમ*પેન્શનપાત્ર નોકરી /૨ | ડી.સી.આર.જી. | | | | | |
| | [redacted] | | | | | | |
| 13 | સી.વી.પી. | પેન્શનના ૪૦% | | | | | |
| | રૂપાંતરિત પેન્શન * ૧૨* મળવાપાત્ર રૂપાંતરિત પેન્શનની રકમ | | | /10 | = | પેન્શનપાત્ર પગાર | |
| | નવા દર | જુના દર | તફાવત | નવા દર | જુના દર | કુલ | |
| 14 | ઘટાડેલ પેન્શન | માસિક પેન્શન | રૂપાંતરિત પેન્શન | ઘટાડેલ પેન્શન | | | |
| | [redacted] | | | | | | |
| 15 | એફ.પી. - ૧ | છેલ્લા પગારના ૫૦% | | | | | 0 |

| | | | |
|---|---|---|---|
| એફ.પી. - ૨ | છેલ્લા પગારના ૩૦% | | 0 |

પગાર રીવાઈઝ થવાથી રીવાઈઝ પેન્શન મંજૂર કરવાની વિગત :-

| | ક્રમ | વિગત | રીવાઈઝ રકમ | અગાઉ મંજુર થયેલ રકમ | તફાવત | |
|---|---|---|---|---|---|---|
| | ૧ | પેન્શન | 0 | | 0 | |
| 17 | ૨ | સી.વી.પી | [redacted] | | | |
| | ૩ | ઘટાડેલ પેન્શન | | | | |
| | ૪ | ડી.સી.આર.જી. | | | | |
| | ૫ | સી.વી.પી. | | | | |
| | ૬ | એફ.પી. - ૧ | 0 | | 0 | |
| | ૭ | એફ.પી. - ૨ | 0 | | 0 | |

સદર કર્મચારીનું પેન્શન તા. /૦૬/ ના નોશનલ ઈજાફો સેવાપોથીમાં આકરેલ છે. તેની વિગતવાર નોંધ
સેવાપોથીમાં કરેલ છે. નાણાં વિભાગની તા.૧૮-૧૧-૨૦૨૩ની તમામ શરતો સંતોષાતી હોઈ ૩૦ જુન -
..........નો નોશનલ ઈજાફો મંજૂર કરેલ છે.

# -:૩૦ જુન ના રોજ વય નિવૃત્તના કિસ્સામાં નોશનલ ઈજાફાના આકરણીની નોંધ :-

ગુજરાત સરકાર, નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : ઈજફ-૧૦૨૦૨-૪૧-ચ તા.૧૮-૧૧-૨૦૨૩ અન્વયે જે કર્મચારીઓ તા.૦૧-૦૧-૨૦૦૬ બાદ ૩૦ જુનના રોજ એક વર્ષની નોકરી પૂર્ણ કરી વય નિવૃત્ત થયેલ/થનાર છે તેવા કિસ્સામાં ૩૦ જુનના રોજ એક કાલ્પનિક ઈજાફો આકરી પેન્શન સુધારણા કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની શાળામાંથી તા. ૩૦/૦૬/.............ના રોજ શ્રી/શ્રીમતી/કું.............................................................હોદ્દો :- ........................ વય નિવૃત થયેલ/થનાર છે, તેમણે તા.૩૦/૦૬/ ના રોજ એક વર્ષની નોકરી પૂર્ણ કરેલ છે. તેથી તેમનો તા.૩૦/૦૬/......... ના રોજ એક કાલ્પનિક ઈજાફો પેન્શન સુધારણા હેતુ માટે મંજૂર કરવામાં આવે છે.

(૧) વય નિવૃત્ત તા.૩૦/૦૬/......ના રોજ મૂળ પગાર ................................ રૂ................../-

(૨) મંજૂર કરેલ કાલ્પનિક ઈજાફો ...................................................... રૂ..................../-

(૩) તા.૩૦/૦૬/........ના રોજ કાલ્પનિક ઈજાંફા સહિતનો પગાર................ રૂ....................../-

તા. / /૨૦૨૪

આચાર્યના સહી/સિક્કા